Ascension
St. Vincent

Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ)

St. Vincent Madison County Health System, Inc. (સેન્ટ વિન્સેન્ટ મેડિસન કાઉન્ટી હેલ્થ સિસ્ટમ, ઇન્ક.) જે Ascension St. Vincent Mercy (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ મર્સી) તરીકે વ્યવસાય કરે છે

નાણાકીય સહાય નીતિનો સારાંશ

Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ), ઉપરોક્ત સૂચિબદ્ધ આરોગ્ય મંત્રાલયો સહિત, આરોગ્યસંભાળ સેવાઓને ઍક્સેસ કરવા માટેના અવરોધો સાથે સંઘર્ષ કરતા લોકો માટે વિશેષ ચિંતા સાથે દરેક વ્યક્તિના ગૌરવ માટે પ્રતિબદ્ધતા અને આદર ધરાવે છે. Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) સમગ્ર સમુદાયની સેવા તરીકે તેના આરોગ્યસંભાળ સંસાધનોનું સંચાલન કરવાની સમાન પ્રતિબદ્ધતા ધરાવે છે. આ સિદ્ધાંતોને આગળ વધારવામાં, Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) ચોક્કસ વ્યક્તિઓ માટે નાણાકીય સહાય પૂરી પાડે છે જેઓ Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ)થી કટોકટી અથવા અન્ય તબીબી રીતે જરૂરી સંભાળ મેળવે છે. આ સારાંશ Ascension St. Vincent (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ) ની નાણાકીય સહાય સંબંધી નીતિની સંક્ષિપ્ત ઝાંખી પ્રદાન કરે છે.

કોણ પાત્રતા ધરાવે છે?

જો તમે Ascension St. Vincent Mercy (એસેન્શન સેન્ટ વિન્સેન્ટ મર્સી) પ્રાથમિક સેવા ક્ષેત્રમાં રહો છો, તો તમે નાણાકીય સહાય મેળવી શકો છો, જો કે તે માટે વિશિષ્ટ નથી, જે મધ્ય ઇન્ડિયાનામાં મેડિસન કાઉન્ટી છે. સામાન્ય રીતે નાણાકીય સહાય ફેડરલ ગરીબી સ્તરની સરખામણીમાં તમારી કુલ ઘરેલુ આવકના આધારે નક્કી થાય છે. જો તમારી આવક ફેડરલ ગરીબી સ્તરના 250% કરતા ઓછી અથવા બરાબર છે, તો તમે જે ચાર્જ માટે જવાબદાર છો તેના ભાગ પર તમે 100% ચેરિટી કેર રાઇટ ઓફ લઈ શકો છો. તમારી આવક ફેડરલ ગરીબી સ્તરનાં 250% કરતા વધુ છે પરંતુ ફેડરલ ગરીબી સ્તરનાં 400% કરતાં વધી ન હોય તો તમને ઘટતા સ્કેલ પર ડિસ્કાઉન્ટ સાથેનો દર મળશે. જો તમારી પાસે કટોકટી અને તબીબી આવશ્યક સંભાળ માટે તબીબી દેવું છે અને જે તમારી આવક કરતા વધારે છે, તો તમે છૂટ માટે પાત્ર છો. જો તમારી પાસે તમારી ફેડરલ ગરીબી સ્તરની આવકની રકમના 250% થી વધુ સંપત્તિ હોય, તો તમે નાણાકીય સહાય માટે લાયક ન હોઈ શકો. જે દર્દીઓ નાણાકીય સહાય માટે પાત્ર છે તેમની પાસેથી વીમા કવરેજવાળા દર્દીઓને સામાન્ય રીતે બિલ કરવામાં આવતી રકમ કરતાં પાત્ર સંભાળ માટે વધુ ચાર્જ લેવામાં આવશે નહીં.

કઈ સેવાઓ આવરી લેવામાં આવી છે?

નાણાકીય સહાય નીતિ કટોકટી અને અન્ય તબીબી રીતે જરૂરી કાળજીને લાગુ પડે છે. આ શબ્દો નાણાકીય સહાય નીતિમાં વ્યાખ્યાયિત કરવામાં આવેલ છે. અન્ય તમામ સંભાળ નાણાકીય સહાય નીતિ દ્વારા આવરી લેવામાં આવતી નથી.

હું કેવી રીતે અરજી કરી શકું?

નાણાકીય સહાય માટે અરજી કરવા માટે, તમે સામાન્ય રીતે લેખિત અરજી પૂર્ણ કરશો અને સહાયક દસ્તાવેજો પ્રદાન કરશો, જેમ કે નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ એપ્લિકેશનમાં વર્ણવેલ છે. એપ્લિકેશન અને સહાયક દસ્તાવેજો બંને ફાઇનાન્સિયલ કાઉન્સેલિંગ ઑફિસમાં પરત કરવા જોઈએ અથવા Ascension St. Vincent, PFS Dept/Self Pay Team/Confidential, PO Box 713441, Chicago, IL 60677-4341 પર મોકલવા જોઈએ.

હું અરજી બાબતે કેવી રીતે મદદ મેળવી શકું?

નાણાકીય સહાય નીતિ એપ્લિકેશનમાં મદદ માટે, તમે મુખ્ય પ્રવેશદ્વાર પર નોંધણી વિભાગમાં સ્થિત Ascension St. Vincent Mercy, Financial Counselor નો સંપર્ક કરી શકો છો અથવા 765-552-4676 પર ફોન દ્વારા સંપર્ક કરી શકો છો.

હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?

નાણાકીય સહાય નીતિ અને નાણાકીય સહાય નીતિ અરજી ફોર્મની નકલો https://healthcare.ascension.org/Financial-Assistance/Indiana પર અને તમામ દર્દી નોંધણી વિભાગોમાં ઉપલબ્ધ છે. નાણાકીય સહાય સંબંધી નીતિ અને નાણાકીય સહાય સંબંધી નીતિ એપ્લિકેશનની મફત નકલો ગ્રાહક સેવા ટોલ ફ્રી ફોન # 866-435-2078 પર કૉલ કરીને મેઇલ દ્વારા મેળવી શકાય છે. નાણાકીય સહાય નીતિ વિશેની વધારાની માહિતી Ascension St. Vincent Mercy પર મુખ્ય પ્રવેશદ્વાર પર નોંધણી વિભાગમાં સ્થિત નાણાકીય સલાહકાર પાસે અથવા 765-552-4676 પર ફોન દ્વારા ઉપલબ્ધ છે.

જો હું પાત્ર નથી તો શું?

તમે નાણાકીય સહાય નીતિ હેઠળ નાણાકીય સહાયને પાત્ર ન હો તો, તમે અન્ય પ્રકારની સહાય માટે પાત્રતા ધરાવતા હોઈ શકો છે. વધુ માહિતી માટે, કૃપા કરીને મુખ્ય પ્રવેશદ્વાર પર નોંધણી વિભાગમાં સ્થિત Ascension St. Vincent Mercy નાણાકીય સલાહકારનો અથવા 765-552-4676 પર ફોન દ્વારા સંપર્ક કરો.

કોમ્યુનિટી બેનિફિટ્સ પ્લાન માટેનો વાર્ષિક અહેવાલ જાહેર માહિતી છે. તે ઇન્ડિયાના રાજ્ય આરોગ્ય વિભાગમાં ફાઇલ કરવામાં આવે છે અને તેમની પાસેથી તે મેળવવા hospitalreports@health.in.gov પર વિનંતી કરી શકાય છે.